# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-09-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર કરણ મકવાણા વાંચે છે.

---

- ❖ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે અમદાવાદ પહોંચશે - આવતીકાલે ભુજથી અમદાવાદ સુધીની દેશની પહેલી વંદે મેટ્રો ટ્રેનનો પ્રારંભ કરાવશે.
- ❖ પાક નુકસાનના સરવેની બાકીની કામગીરી પૂર્ણ થતાં રાજ્ય સરકાર દ્વારા રાહત પેકેજ જાહેર કરાશે
- ❖ અંબાજી ભાદરવી પૂનમના મહામેળામાં ગત ત્રણ દિવસમાં ૭ લાખથી વધુ ભક્તોએ માતાજીના દર્શનનો લ્હાવો લીધો
- ❖ રાજ્ય સરકારના કર્મચારીઓએ પોતાની પડતર માંગણીઓને લઇને 17મી સપ્ટેમ્બરે પેન ડાઉન હડતાળ મોકૂફ રાખવાની જાહેરાત કરી
- ❖ રાષ્ટ્રીય પ્રસારણ સેવા - દૂરદર્શન આજે 65મો સ્થાપના દિવસ ઉજવી રહ્યું છે.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# BHUJ AHD VANDE METRO TRAIN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ભુજથી અમદાવાદ સુધીની દેશની પહેલી વંદે મેટ્રો ટ્રેનનો પ્રારંભ કરાવશે. અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ આ ટ્રેન 17 સપ્ટેમ્બરથી શનિવાર સિવાય દરરોજ અમદાવાદથી સાંજે સાડા પાંચ વાગ્યે પ્રસ્થાન કરશે અને રાત્રે 11 વાગ્યાને 10 મિનીટે ભુજ પહોંચશે. આ જ રીતે ભુજથી આ ટ્રેન 18 સપ્ટેમ્બરથી રવિવાર સિવાય દરરોજ સવારે 5 વાગ્યાને 5 મિનીટે પ્રસ્થાન કરીને સવારે 10 વાગ્યાને 50 મિનીટે અમદાવાદ પહોંચશે એમ પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળના વરિષ્ઠ જનસંપર્ક અધિકારી પ્રદીપ શર્માએ જણાવ્યું હતું.

શ્રી શર્માએ ઉંમેર્યું કે, ભુજ-અમદાવાદ વંદે મેટ્રો ઉદ્ઘાટન ટ્રેન સેવા આવતીકાલે બપોરે 4.05 વાગ્યે ભુજથી પ્રસ્થાન કરશે અને રાત્રે સવા 10 વાગ્યે અમદાવાદ પહોંચશે. દરમિયાન આ ટ્રેન અંજાર, ગાંધીધામ, ભચાઉ, સામખિયાળી, હળવદ, ધ્રાંગધ્રા, વિરમગામ, ચાંદલોડિયા તથા સાબરમતી સ્ટેશન પર રોકાશે.

---------------------------------------------------------------------

- (પશ્ચિમ રેલવે યાદી – પ્રવેશ)

-(NAVIN)

# PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બપોર બાદ અમદાવાદ પહોંચશે. તેઓ અમદાવાદ હવાઈ મથક પરથી ગાંધીનગરના રાજભવન જશે.. પ્રધાનમંત્રી આવતીકાલે સવારે પોણા દસ વાગ્યે ગાંધીનગરમાં પ્રધાનમંત્રી સૂર્યા ઘર મફત વીજળી યોજનાનાં લાભાર્થીઓ સાથે વાતચીત કરશે. ત્યારબાદ સવારે સાડા દસ વાગ્યે તેઓ, ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ચોથી ગ્લોબલ રિન્યુએબલ એનર્જી ઇન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સ્પો, રિ-ઇન્વેસ્ટનું ઉદઘાટન કરશે.

પ્રધાનમંત્રી બપોરે 1 વાગીને 45 મિનિટે અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટનું ઉદઘાટન કરશે અને સેક્શન 1 મેટ્રો સ્ટેશનથી ગિફ્ટ સિટી મેટ્રો સ્ટેશન સુધી મેટ્રોની સવારી કરશે. બપોરે લગભગ સાડા ત્રણ વાગ્યે અમદાવાદમાં તેઓ 8 હજાર કરોડ રૂપિયાથી વધુની કિંમતની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી ગાંધીનગર સ્થિત રાજભવન ખાતે રાત્રી રોકાણ કરીને 17 તારીખે સવારે ઓડિશા જવા રવાના થશે.

---

- રીપીટ

# METRO NEW PHASE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે મેટ્રો રેલના બીજી તબક્કાનો આરંભ કરાવશે.. આ નવા રૂટમાં અમદાવાદ અને ગાંધીનગરના GNLU, PDPU, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોલાકુંઆ સર્કલ, ઇન્ફોસિટી તેમજ સેક્ટર 1ના વિસ્તારને આવરી લેવાશે. આ તબક્કામાં મેટ્રોની કનેક્ટિવિટી મોટેરાથી ગાંધીનગર સુધી મળશે, જેમાં ફેઝનો એક કોરિડોર ગિફ્ટ સિટી સુધી જશે. આ ફેઝ 21 કિલોમીટરનો છે જેમાં શરૂઆતમાં ગાંધીનગરના આઠ સ્ટેશન પર મેટ્રો દોડશે.

APMC, વાસણાથી ગાંધીનગર સેક્ટર-1 સુધીની 33.5 કિ.મીની મેટ્રો યાત્રા 65 મિનિટમાં પૂર્ણ થાય છે જેનું ભાડું માત્ર 35 રૂપિયા રહેશે. આ સેવા શરૂ થવાથી ટ્રાફિક હળવો થશે, જે પ્રદૂષણને દૂર કરવામાં મહત્વપૂર્ણ બની રહેશે.

આ રૂટ શરૂ થયા બાદ આવનારા સમયમાં મેટ્રો સચિવાલય, અક્ષરધામ, જૂના સચિવાલય, સેક્ટર 16, સેક્ટર 24 અને મહાત્મા મંદિર સુધી જશે.

---

- રીપીટ

# CM PATEL NIRIKSHAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે અમદાવાદના GMDC મેદાનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કાર્યક્રમ સ્થળનું નિરીક્ષણ કર્યું હતું. પ્રધાનમંત્રી આવતીકાલે અહીં કરોડો રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેવામાં રાજ્યના વહીવટી તંત્રની આ કાર્યક્રમને લગતી તૈયારીઓની સમીક્ષા કરવા મુખ્યમંત્રીએ અહીં આવી અધિકારીઓને જરૂરી સૂચનો આપ્યા હતા.

અમદાવાદ મેટ્રો ટ્રેન પ્રોજેક્ટના બીજા તબક્કાનો પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પ્રારંભ કરાવશે. તેને લઈ ગાંધીનગરના સેક્ટર એકના મેટ્રો સ્ટેશનની મુલાકાત લઈ મુખ્યમંત્રીએ વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું.

મેટ્રોના આ રૂટમાં અમદાવાદ અને ગાંધીનગરના મહત્વના સ્થળો - GNLU, PDEU, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોલાકુંઆ સર્કલ, ઇન્ફોસિટી તેમજ સેક્ટર એકના વિસ્તારને આવરી લેવાશે.

---

- (માહિતી ખાતા – પ્રવેશ) -(NAVIN)

# MANDAVIYA - LABOUR REFORMS

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડો. મનસુખ માંડવિયા આજે રાજકોટ ખાતે પશ્ચિમી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ત્રીજી પ્રાદેશિક બેઠકની અધ્યક્ષતા કરશે.

બેઠક દરમિયાન, તેઓ શ્રમ સુધારણા, અસંગઠિત કામદારોના ઈ-શ્રમ-નેશનલ ડેટાબેઝ અને રોજગારની તકો વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરશે અને કેન્દ્ર અને રાજ્યો દ્વારા લેવામાં આવતી ચાવીરૂપ પહેલો પર સહયોગને મજબૂત કરવા પર ચર્ચા કરશે.

બેઠક દરમિયાન, અસંગઠિત કામદારો માટે સામાજિક સુરક્ષા લાભો સરળતાથી મેળવવા માટે ઈ-શ્રમ પોર્ટલની રચના, મકાન અને બાંધકામ કામદારો માટે વિવિધ કેન્દ્રીય કલ્યાણ યોજનાઓના કવરેજના વિસ્તરણ સહિત મુખ્ય શ્રમ અને રોજગાર મુદ્દાઓ પર વિચાર વિમર્શ કરવામાં આવશે.

---

- રીપીટ

# CENTRAL TEAM AT GANDHINAGAR

રાજ્યમાં ભારે વરસાદ અને પૂરના કારણે થયેલા નુકસાનનો સરવે કરવા આવેલી કેન્દ્રીય ટુકડીએ ગઈકાલે ગાંધીનગરના સ્ટેટ એમરજન્સી ઑપરેશન સેન્ટરની મુલાકાત લીધી હતી.

ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, ટુકડીએ અહીં અધિકારીઓ સાથે બેઠક કરી સરવે અને નિરીક્ષણ કરીને રવાના થઈ હતી. રાજ્ય સરકાર સરવેની સંપૂર્ણ કામગીરી કર્યા બાદ કેન્દ્ર સરકારને આવેદન આપશે. તેના આધારે કેન્દ્ર સરકાર સહાય અંગેનો નિર્ણય કરશે.

------------------------------------------------------------------------

- (પીટીસી – ગાંધીનગર – પ્રવેશ)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# RUSHIKESH PATEL ON CROP DAMAGE

રાજ્યમાં વરસાદના કારણે ખેડૂતોના પાકને થયેલા નુકસાનના સરવેની 70 ટકા કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. રાજકોટમાં એક ટ્રસ્ટના કાર્યક્રમમાં ઉપસ્થિત રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ મુજબ જણાવ્યું હતું.

**(બાઈટ – ઋષિકેશ પટેલ, પ્રવક્તા મંત્રી)**

ઉપરાંત શ્રી પટેલે રાજ્યની યુનિવર્સિટીઓમાં કુલપતિઓની ખાલી પડેલી જગ્યાઓ અંગે કહ્યું કે, અનેક યુનિવર્સિટીમાં કાયમી કુલપતિની નિમણૂક કરવામાં આવી છે. અને જે યુનિવર્સિટીમાં કાયમી કુલપતિ નથી ત્યાં કાર્યકારી કુલપતિઓ સારી રીતે સંચાલન કરી રહ્યા છે. આગામી દિવસોમાં તમામ યુનિવર્સિટીઓમાં કાયમી કુલપતિની નિમણૂક થાય તે માટે સરકાર પ્રયત્નશીલ છે.

---

- (NDMS – PRAVESH)

-(NAVIN)

# RAIN

રાજ્યના 48 તાલુકામાં ગઈકાલે રાતે 8 વાગ્યા સુધીમાં હળવો વરસાદ વરસ્યો હતો. જેમાં સૌથી વધુ વરસાદ સુરત શહેરમાં સવા ઇંચ વરસાદ પડ્યો હતો. સુરતના કામરેજ અને ઉમરપાડા તથા નર્મદા જીલ્લાના સાગબારામાં 1 ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો.

દરમ્યાન ઉપરવાસમાં થયેલા વરસાદને પગલે સરદાર સરોવરમાં પાણીની આવક વધીને 4.99 લાખ ક્યુસેક થતાં નર્મદા બંધની જળસપાટીમાં વધારો થયો છે.

---------------------------------------------------------------------

- યાદી, કરણ -(NAVIN)

# AMBAJI MELO

યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમના મહામેળામાં ભક્તોનો ધસારો જોવા મળી રહ્યો છે. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના જણાવ્યા મુજબ, ગઈકાલે મેળાના ત્રીજા દિવસે કુલ 4 લાખ 89 હજાર 318 યાત્રિકોએ માતાજીના દર્શનનો લ્હાવો લીધો હતો. આ સાથે છેલ્લા 3 દિવસમાં કુલ 9 લાખ 88 હજાર 262 યાત્રિ મેળામાં આવ્યા છે અને હજી પણ ભક્તોની ભીડ યથાવત્ છે. આમાંથી 7 લાખ 55 હજાર 773 ભક્તોએ મોહનથાળના પ્રસાદનો લ્હાવો લીધો છે.

જિલ્લા કલેક્ટર મિહીર પટેલે જણાવ્યું કે, દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવતા નિઃશુલ્ક ભોજન કેમ્પમાં અંદાજિત 85 હજાર જેટલા ભાવિભક્તોએ લ્હાવો લીધો છે.

---

- (PTC – BANASKANTHA – PRAVESH)

-(NAVIN)

# KARMACHARI STRIKE CANCELDED

રાજ્ય સરકારના કર્મચારીઓએ પોતાની પડતર માંગણીઓને લઇને 17મી સપ્ટેમ્બરે પેન ડાઉન હડતાળ મોકૂફ રાખવાની જાહેરાત કરી છે. કર્મચારીઓની રજૂઆતોને બંને સંગઠનના અગ્રણી સાથે પાંચ મંત્રીઓની યોજાયેલી બેઠક બાદ સરકારે હકારાત્મક વલણ દાખવતાં કર્મચારીઓએ હડતાળ મુલતવી રાખવાની જાહેરાત કરી છે..

ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે આજે સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ પત્રકારોને સંબોધન કરતા જણાવ્યું કે કર્મચારીઓના તમામ પ્રશ્નો પ્રત્યે રાજ્ય સરકાર ગંભીર છે, અને આગામી સમયમાં ફરી પાછી એક બેઠક કરવામાં આવશે.

---------------------------------------------------------------------

- રીપીટ

# DOORDARSHAN

રાષ્ટ્રીય પ્રસારણ સેવા - દૂરદર્શન આજે 65મો સ્થાપના દિવસ ઉજવી રહ્યું છે. વર્ષ 1959માં આજના જ દિવસે દેશમાં ટેલિવીઝન પ્રસારણનો પ્રારંભ થયો હતો. તત્કાલિન રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે દૂરદર્શનના પ્રથમ પ્રસારણનું ઉદ્ધઘાટન કર્યું હતું.

વિશાળ નેટવર્ક દ્વારા દૂરદર્શન આજે દેશનું સૌથી મોટું રાષ્ટ્રીય પ્રસારક છે, જેની પહોંચ લાખો ગ્રામીણ દર્શકો સુધી છે. દૂરદર્શનની છ રાષ્ટ્રીય અને 22 પ્રાદેશિક માધ્યમ પર 24 કલાક પ્રસારણ થાય છે. દૂરદર્શનનું એક આંતરરાષ્ટ્રીય માધ્યમ પણ છે. દૂરદર્શન વિનામૂલ્યે ડીટીએચ સેવા પણ ઉપલબ્ધ કરાવે છે.

રામાયણ, મહાભારત, હમલોગ, બુનિયાદ, માલગુડી ડેઝ અને ઉડાન દૂરદર્શનના લોકપ્રિય કાર્યક્રમોમાં સામેલ છે.

---------------------------------------------------------------------

- પૂલ 0 સુનિતા

-(NAVIN)

# LOK ADALAT JAMNAGAR

જામનગરમાં ગઈકાલે લોકઅદાલત યોજાઈ હતી. જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે આ લોક અદાલતમાં સમાધાન માટે 17 હજારથી વધુ કેસો રજૂ કરવામાં આવ્યા હતા. જે પૈકી 7 હજાર 986 કેસોનું સમાધાન કરવામાં આવ્યું હતું. આ અદાલતમાં 19 કરોડ 28 લાખ રૂપિયાથી વધુની રકમના દાવા મંજૂર કરવામાં આવ્યા હતા.

---

- પીટીસી જામનગર કરણ

-(NAVIN)

# SVCHHTA HI SEVA- DISTRICT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ 17 સપ્ટેમ્બરથી 31 ઓક્ટોબર સુધી સમગ્ર દેશમાં 'સ્વચ્છતા હી સેવા' ઝૂંબેશ ચાલશે. જે અંતર્ગત અમદાવાદ જિલ્લા કલેક્ટર પ્રવિણા ડી.કે.એ તમામ અધિકારીઓ સાથે એક બેઠક યોજીને આયોજન અને પૂર્વતૈયારીઓ અંગે અધિકારીઓ સાથે ખાસ ચર્ચા વિચારણા કરી હતી.

આ ઝૂંબેશમાં દીવાલો પર ચિત્રો, સ્વચ્છતા રેલી, સાંસ્કૃતિક કાર્યક્રમો, સહિતના વિવિધ માધ્યમો દ્વારા સ્વચ્છતાનો સંદેશ નાગરિકો સુધી પહોંચાડાશે.

અમરેલી જિલ્લામાં "સ્વચ્છતા હી સેવા", "એક પેડ મા કે નામ" અને "સ્વચ્છતા અભિયાન" 17 સપ્ટેમ્બરથી શરૂ થશે. વૃક્ષારોપણ સહિત વિવિધ કાર્યક્રમો યોજાશે.

ખેડા જિલ્લા કલેક્ટરે 'સ્વચ્છતા હી સેવા' અને 'સેવા સેતુ' કાર્યક્રમના આયોજન અંગે બેઠક યોજી માર્ગદર્શક સૂચનો આપ્યા.

ઉલ્લેખનીય છે કે રાજ્યમાં 17 સપ્ટેમ્બરથી સેવા સેતુના 10માં તબક્કાનો કાર્યક્રમ શરૂ થનાર છે.

---

- રીપીટ

# svachchta karyram -gandhinagar

નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત ગઈકાલ થી આગામી પહેલી ઓક્ટોબર સુધી રાજ્યભરમાં 'સ્વચ્છતા હી સેવા' ઝુંબેશ યોજાઈ રહી છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છતા હી સેવા ઝુંબેશ અંતર્ગત જિલ્લામાં વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લામાં શ્રમદાન ઝુંબેશ, સ્વચ્છતાના શપથ લેવડાવવા, વિવિધ કાર્યશાળાઓ અને સફાઇ કર્મચારીઓ માટે આરોગ્ય શિબિર સહિતના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

---------------------------------------------------------------------

- ઇન્ફો કરણ

-(NAVIN)